નં.જીઆઈડીસી/જમે(વિતરણ)/ઓએન્ડએમ/
સીઆઈઆર/પીઓએલ/૧(૯) ૩૪
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ગાંધીનગર.
તા30 – ૦૮ – ૨૦૧૦.

//પરિપત્ર//

વિષયઃ– ફાળવણીની તારીખથી ૬ (છ) વર્ષના ઉપરના વણવપરાશી ઔદ્યોગિક પ્લોટ/શેડ, રહેણાંક પ્લોટ, વાણિજય પ્લોટ અને વાણિજયક મિલ્કતોના કિસ્સાઓમાં ઉપયોગની સમય મર્યાદા વધારી આપવા બાબત.

સંદર્ભઃ–જીઆઈડીસી/જમે(વિતરણ)/ઓએન્ડએમ/સીઆઈઆર/પીઓએલ/૧(૮)/૧૫તા.૩૦–૦૩–૨૦૧૦.

નિગમની વિવિધ વસાહતોમાં પ્રવર્તમાન નીતિ મુજબ ઔદ્યોગિક પ્લોટ/શેડ, રહેણાંક પ્લોટ, વાણિજય પ્લોટ અને વાણિજિયક મિલકતોના ઉપયોગની સમય મર્યાદા વધારી આપવાની નીતિ નકકી કરવા માટે નિગમની તા.૧૦–૦૩–૨૦૧૦ ના રોજ મળેલ ૪૪૭ મી સભાની કાર્યસુચિ ક્રમાંક.૧૮/વિતરણ/૪૪૭ ના ઠરાવ ક્રમાંક.૪૨/વિતરણ/૪૪૭/૨૦૧૦ મુજબ ફાળવણી તારીખથી વધુમાં વધુ ૦૬ (છ) વર્ષના સમયની ઉપયોગની સમય મર્યાદા વધારી આપવાનું સંદર્ભદર્શિત પરિપત્રથી પરિપત્રિત કરવામાં આવેલ. આમ આ નીતિ એકાએક જાહેર થતા અને મિલકતના ઉપયોગની સમય મર્યાદા સીમિત કરવાને કારણે જે ઉદ્યોગકારોને ૦૬ (છ) વર્ષથી અગાઉ ફાળવણી થયેલ હતી તેઓ હવે ઔદ્યોગિક હેતુ માટે પણ બાંધકામ ન કરી શકે તેવી પરિસ્થિતિ ઉભી થયેલ હતી. જેથી ખરેખર ઉદ્યોગ સ્થાપવા ઈચ્છતા હોય અને મિલકત તબદીલ કરવા ન માંગતા હોય તેવા ઉદ્યોગકારોને મિલકત વપરાશમાં લેવાની છેલ્લી તક મળી રહે તે હેતુથી નિગમની તા.૦૩–૦૮–૨૦૧૦ના રોજ મળેલ ૪૫૦ મી સભા સમક્ષ કાર્યસુચિ ક્રમાકં.૫/વિતરણ૪૫૦ સાદર કરવામાં આવેલ. જેના ઠરાવ ક્રમાંક.૧૦૮/વિતરણ/૪૫૦/૨૦૧૦ મુજબ નિગમની વસાહતોમાં આવેલ ઔદ્યોગિક પ્લોટ/શેડ, રહેણાંક પ્લોટ, વાણિજય પ્લોટ અને વાણિજયક મિલ્કતોના વપરાશ માટે જે પ્લોટ ધારકે મિલકતની ફાળવણીની તારીખથી ૦૬(છ) વર્ષથી અંદર પ્લોટનો ઉપયોગ કરેલ નથી અને હવે મિલકતનો વપરાશ મિલકત ધારક **(ફાળવણીદાર)** જાતે જ ઉપયોગ કરવા માંગતા હોય અને નિગમને સમય મર્યાદા વધારી આપવા ફાળવણીદાર જાતે જ અરજી કરે તો તેઓને એક છેલ્લી તક આપી નીચે જણાવ્યા મુજબની શરતોએ તા.૩૧–૦૮–૨૦૧૧ સુધીની સમય મર્યાદા વધારી શકાશે, તેવો નિર્ણય કરવામાં આવે છે.

(૧) ફાળવણીદાર ભવિષ્યમાં ફરીથી પ્લોટના વપરાશ અંગેની સમય મર્યાદા વધારી આપવાની માંગણી કરશે નહી.

(૨) વધારી આપવામાં આવેલ સમય મર્યાદામાં ફાળવણીદાર ફાળવેલ મિલકતનો ઉપયોગ કરવામાં નિષ્ફળ જાય તો તે સંજોગોમાં ફાળવણીદારે મિલકતનો સ્વૈચ્છિક કબજો નિગમને પરત કરવા અંગે સંમતિ આપવાની રહેશે. આ માટે નિગમની જે તે વખતની પ્રવર્તમાન નીતિ મુજબનું વળતર તેઓને મળવા પાત્ર રહેશે.

AM TO VC & MD Cell

(પા છ ળ)

(૩) મિલકતનો ઉપયોગ કરવા અંગે વધારી આપવામાં આવેલ સમય દરમ્યાન મિલકતની તબદીલીની દરખાસ્ત કરવામાં આવશે નહી.

(૪) વણ વપરાશી મિલકતની સમય મર્યાદા વધારી આપવા અંગે નિગમની સામાન્ય શરતો લાગુ પડશે.

આ ઉપરાંત વધુમાં જણાવવામાં આવે છે કે, ફાળવણીદારે રૂ.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર શરત નં.(૧) થી (૩) બાબતે જરૂરી બાંહેધરી ખત આપવાનું રહેશે.

આ સિવાય વણ વપરાશી દંડ/ઉપયોગની સમય મર્યાદા વધારી આપવાની સત્તા અને અન્ય બાબતો અંગે સમયાંતરે પરિપત્રિત કરવામાં આવેલ સુચનાઓ યથાવત રહેશે. જેની સર્વે વિતરણ અધિકારીઓએ નોંધ લેવી. તથા આ સુચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ પરિપત્ર મળ્યાની પહોંચ જનરલ મેનેજર(વિતરણ/રસુ) ને નામ જોગ મોકલી આપવી.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,

- નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.........
- ❖ પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ તેમજ તમામ વસાહતના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓને જાણ કરવા સારૂ.
- ➢ મદદનીશ મેનેજર(વીસી એન્ડ એમડી સેલ) જી.આઈ.ડી.સી. વડી કચેરી, ગાંધીનગર તરફ સદર પરિપત્ર નિગમની વેબસાઈટ ઉપર દર્શાવવાની કાર્યવાહી કરવા સારૂ.

રવાના કર્યુ.

જનરલ મેનેજર(ઈ એન્ડ એ)